# 'પસ્તીનાં પાનાં'

"ઈટ ઈઝ ટ્રુ ધેટ અ મૅથેમૅટિશિયન હુ ઈઝ નૉટ સમથિંગ ઑફ અ પોએટ વિલ નેવર બી અ પરફેક્ટ મૅથેમૅટિશિયન."

ઓગણીસમી સદીના જર્મન ગણિતી કાર્લ વાયરસ્ટ્રાસની ઉપરોક્ત ઉક્તિ ડૉ. પ્ર. યુ. વૈદ્યનું 'પસ્તીનાં પાનાં' પુસ્તક વાંચતા યથાર્થ લાગે છે.

વૈદ્યસાહેબ એટલે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ગુજરાતી ગણિતશાસ્ત્રી, ઉત્તમ ગણિત શિક્ષક, ખંતીલા ગણિત પ્રસારક અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ.

'પસ્તીનાં પાનાં' વાંચતા એવી પ્રતીતિ થાય છે કે ગણિતજ્ઞ ઓમર ખય્યામ કે આઈનસ્ટાઈનની જેમ વૈદ્ય સાહેબમાં પણ એક કવિ વસે છે. ભાષા કરતાં લાગણીના સ્તરે તેઓ કવિ છે. એ અર્થમાં કે, અંગ્રેજી વિવેચક ડૉ. જૉન્સને શેક્સપિયર માટે પ્રયોજેલા શબ્દોમાં કહીએ તો, તેમની પાસે 'કૉમ્પ્રિહેન્સિવ સોલ' એટલે કે બહુ આશ્લેષી સંવેદન છે. તે સંવેદન વાસના તણખલાંથી આકાશી પદાર્થો સુધી, પોલીસનો માર ખાતા મજૂરથી ભારતના પ્રથમ પરમાણુ વિસ્ફોટ સુધી, કવિ કાલિદાસથી રશિયન ગણિતજ્ઞા કોવાલેવ્સ્કાયા સુધી વિસ્તરે છે.

અમદાવાદમાં રહેતા આ ગણિતશાસ્ત્રીને નાટક-સિનેમા-સંગીત-નૃત્ય, શિક્ષણકારણ-ધર્મકારણ-રાજકારણ-સમાજકારણ. સંસ્કૃતિ-ઇતિહાસ-ભૂગોળ-પર્યાવરણ-વિજ્ઞાન, ખાણીપીણી-રહેણીકરણી એવી અનેકાનેક બાબતોમાં રસ છે. તે જુએ છે, વાંચે છે, સાંભળે છે, સહજ નિરીક્ષણ કરે છે, મર્મ ગ્રહણ કરે છે, આયાસ વિના અભિવ્યક્તિ આપે છે. તેમની અભિવ્યક્તિમાં સંયમ અને લાઘવ છે.

'પસ્તીનાં પાનાં' પુસ્તક ૧૫૦ પત્રોનો સંગ્રહ છે. આ પત્રો 'નિબંધિકા' સ્વરૂપના છે એમ લેખક જણાવે છે. વિદેશમાં વસતી દીકરીઓને વર્ષોથી દર અઠવાડિયે એક એક પત્ર લખતા રહ્યા, દીકરીઓએ એ પત્રો સાચવ્યા.

આમ પણ, ગણિતીઓ અને તેમની દીકરીઓ વચ્ચે કંઈક વિશેષ સાયુજ્ય હશે એમ કેટલાંક દૃષ્ટાંતો પરથી લાગે છે. મિસરના હાઈપેશિયા, ફ્રાન્સનાં એમિલ દુશાતલે અને જર્મનીનાં એમ્મી નોએથેર એ ત્રણ ગણિતજ્ઞાઓના પિતા પણ ગણિતશાસ્ત્રીઓ હતા. ભારતના મહાન ગણિતશાસ્ત્રી ભાસ્કરાચાર્યે પણ તેમના ગણિતગ્રંથનું નામ તેમની દીકરી લીલાવતીના નામથી જ આપ્યું છે.





જો કે 'પસ્તીનાં પાનાં' એવાં અલ્પોક્તિપૂર્ણ નામકરણ અંગે વૈદ્યસાહેબે નોંધેલો કિસ્સો મજાનો છે. વૈદ્યસાહેબના ઘરમાં આવેલા ચોરોએ બધે ફંફોસ્યું. અને હાથ લાગ્યા નર્યા કાગળિયાં - 'કાગળના શેઠીઆ, નકલી શેઠીઆ'ને ત્યાંના પસ્તીનાં પાનાં. માસ્તરકીમાં હયાત ગઈ તોય પ્રહલાદભાઈએ તો પસ્તીના ઢગલા જ કરે રાખ્યા. ક્લાસ ન ખોલ્યા, કે ન લખી ગાઈડો. સેલ્ફ-ફાઈનાન્સ કૉલેજનો વ્યવહારુ વિચાર તો આ માસ્તરના મનમાં આવેય ક્યાંથી !

ચોરોએ સુદ્ધાં હાથમાં ન ઝાલેલાં પસ્તીનાં પાનાં વળી 'કુમાર' માસિકે વાચકોને વહેંચ્યાં અને 'ગુર્જર' પ્રકાશને તાજેતરમાં પુસ્તક રૂપે બહાર પાડ્યાં. આ 'પસ્તીનાં પાનાં' એવા કે જે ભંડકિયામાં ન હોય. તેનાથી ગુજરાતી વાચકોની પુસ્તકોની છાજલી દીપી ઊઠે.

પુસ્તકનો લગભગ દરેક ગદ્યાંશ એક ટમટમતા તારલા જેવો છે. તેમાં તારલા જેવી મનભર ચમક છે અને આકાશી પદાર્થો જેવું વૈવિધ્ય છે. એક જમાનામાં સરદાર પૃથ્વીસિંહના અહિંસક વ્યાયામ સંઘના વ્યાયામવીર અને વ્યાયામ શિક્ષકની જગ્યા માટે અરજી કરનારા વૈદ્ય સાહેબ વિજય અમૃતરાજની ખેલદિલીની, પી. ટી. ઉષાની સિદ્ધિની, વન-ડે ક્રિકેટની વાત કરે છે. તે બલરાજ સહાની, ઉત્સાદ અલાઉદ્દિન ખાન, એસ. ડી. બર્મન જેવાને અંજલિ આપતા પત્રો લખે છે. અવિનાશ વ્યાસને અંજલિ આપતાં સહજપણે મેઘાણી અને બોટાદકરની વાત કરે છે. બકુલ ત્રિપાઠીનું 'લીલા' નાટક માણે છે. સુબ્રમણ્યમ્ ભારતી, ઈસ્મત ચુગતાઈ, માસ્તી વ્યંકટેશ આયંગર, ગની દહીંવાલા વગેરેનો સુંદર પરિચય આપે છે. અમૃતા શેરગિલના ચિત્રનો ઉલ્લેખ કરે છે. તો ચિત્રકાર બળદેવ ગંભીરનું હૃદયસ્પર્શી શબ્દચિત્ર આપે છે. આઈનસ્ટાઈન અને વિક્રમ સારાભાઈ જેવા વૈજ્ઞાનિકો, વેણુ બાપ્પુ અને હરિહર ભટ્ટ જેવા ખગોળવેત્તાઓ તો જાણે અહીં છે જ. પણ તે સાથે પુરાતત્ત્વવિદ અમૃત પંડ્યા, ગુંડામાંથી ગાંધીવાદી બનેલા આત્મારામ ભટ્ટ, મેંગ્લોરિયન નળિયા બનાવવાનું ઓઠું ચોરી તે ઉદ્યોગ વિકસાવનાર એક્સલ પાઈ પણ છે. ડૉ. અચ્યુત શંકર આપટે, ફિરોઝ દાવર, કિસનસિંહ ચાવડા - કેટકેટલાં નામ આપવાં !

રખે કોઈ એમ માને કે આ વ્યક્તિચિત્રોનું પુસ્તક છે. લેખક 'ગાંધીશતાબ્દીનું ગણિત' તિથિનો ક્ષય, ધજાળા ઉલ્કા જેવી બાબતોની સરળ ભાષામાં સમજૂતી આપે છે. દિલ્હીની સુંદરકલિ હાથણીની પ્રાણી સંવેદનકથા કે એર ઇન્ડિયાના 'મહારાજા'ની વ્યંગકથા કહે છે. 'એક ખેદજનક વાર્તા'

અને 'એક હતો રાજા' જેવી નિબંધિકાઓ સોંસરવી ઉતરી જાય છે. જૂનાગઢના સીદીઓમાં, પિટ્સબર્ગના 'ત્રિવેણી સંગમ'માં નૈનિતાલના વૃક્ષોમાં પણ તેમને રસ છે.

નૈનિતાલના વૃક્ષોની વાત કરતાં લેખક 'ચિપકો' આંદોલન અને સુંદરલાલ બહુગુણાને યાદ કરવાનું ચૂકતા નથી. નૈસર્ગિક સંપત્તિના અવિચારી શોષણ અને વિદેશી ટેકનોલૉજીના સમજ વિનાના ઉપયોગને કારણે ગુજરાતની લીલી નાઘેરની થયેલી દશાનો ચિતાર આપ્યા પછી તે લખે છે : 'શિયાળવાં રડે છે સૂકી નાઘેરમાં'. બાંગલા દેશના નિરાશ્રીતો કે આંધ્રપ્રદેશના વાવાઝોડાગ્રસ્તોની સહાયમાં થતા ભ્રષ્ટાચારની તે ખેદપૂર્વક નોંધ લે છે. ભાગલપૂરમાં કેદીઓને અંધ બનાવવાની, કુતુબમિનાર પરની ધક્કમુક્કીમાં માણસો મરવાની, બિહારમાં ભીષણ રેલવે અકસ્માતની ઘટનાઓમાં જોવા મળતી તંત્રની બેજવાબદારી અને સંવેદનહીનતા તેમને અસ્વસ્થ કરે છે. ગરીબો અને પૈસાદારો વચ્ચેનો 'જાજરૂનો સંઘર્ષ' તેમને નોંધવા જેવો લાગે છે. ધનવાનોમાંય નવશ્રીમંતોની અસંસ્કારિતા અને 'મૅકોલેના વંશજો' એવા બદબુવાળા 'બા-બૂ' લોકોની તુમાખી તેઓ ખૂબ સાદી ઘટનાઓમાંથી પણ તારવી શકે છે. સત્તા-સંપત્તિની 'બુ' વિનાના 'બે-બૂ' લોકો માટે તેમને લાગણી છે. એટલે જ કાનપૂરના ટ્રાફિકમાં પોલીસના હાથે વગર વાંકે ઝૂડાતા બે મજૂરો તેમની નજરમાંથી છૂટતા નથી (અલબત તે મજૂરોને બચાવવા તેઓ પગરિક્ષામાંથી ઊતર્યા કે નહીં તેની જાણ નથી !). આવા મહેનકશો - શોષિતોની લાગણીઓને વાચા આપનારી નાટ્યસંસ્થા 'ઇપ્ટા' વિશે અને વારલીઓનાં 'ગોદારાણી' - સમાજસેવિકા ગોદાવરી પરૂળેકર વિશે તે લખે છે. ઘરે કામ કરવા આવેલી મજૂર સ્ત્રીના ગીતમાં તેમને વર્ડઝ્વર્થનું 'સોલિટરી રીપર' સંભળાય છે.

પાકિસ્તાની લશ્કરી અફસરના ઉત્તમ આયોજનના વખાણ કરતો ભારતીય સૈનિક તેમને મળે છે. તો બીજી બાજુ મલ્લિકા-એ-તરન્નુમ નૂરજહાંની ભારતની મુલાકાત દરમિયાન તેના કોઈપણ જાહેર કાર્યક્રમ પર પ્રતિબંધ ફરમાવનારી સરકારો છે. વાછરડાના ડોકા નિમિત્તે અમૃતસરમાં શિખો અને હિંદુઓ વચ્ચે હુલ્લડો થાય છે, તો સેન્ટ થૉમસના કહેવાતા ક્રૉસ નિમિત્તે હિંદુઓ અને ખ્રિસ્તીઓ સામસામે આવે છે. આવા ભેદભાવોની સામે છે ઊંડી માનવતા. યુદ્ધમાં હારેલા દુશ્મનને જીતેલા ભારતના સૈનિકો યુદ્ધ પછી પ્રદેશ પાછો આપે છે અને તેની સાથે એ પાણીવખા પ્રદેશમાંની પાણી ભરેલી ટાંકી પણ અકબંધ રાખે છે. વયોવૃદ્ધ બંગાળી અધ્યાપકને





તેમના ગુજરાતી દીકરી-જમાઈ અંત સુધી સાચવે છે.

લેખકને માનવતામાં ઊંડો વિશ્વાસ છે અને સમાજમાં શ્રદ્ધા છે. ગુજરાતની એક ચૂંટણીમાં જાગૃત મતદાર સંઘ તરફથી બહાર પાડવામાં આવેલા નિષ્પક્ષ અને લોકશાહીવાદી સૂત્રો તે ટાંકે છે. કેરળના કોઝ્રાઈકોડેથી કટોકટી દરમિયાન સત્તાવાળાઓએ અદૃશ્ય કરી દીધેલા વિદ્યાર્થીના કિસ્સામાં સરકારને થયેલી 'ગભરામણ'ની વાત કર્યા પછી તે લખે છે : "આ જાણીએ ત્યારે ખબર પડે કે ભારતની સરકાર ભાન ભૂલે પણ લોકોનું કાળજું ઠેકાણે છે અને એવા ભાન ભૂલેલાઓને સત્તા પરથી ઉતારી શકે છે."

સત્તાકારણ અને રાજકારણ અનેક પત્રોમાં આવતો વિષય છે. રાજકારણીઓની સત્તાલાલસા, તેમનો સ્વાર્થ, તેમની અંધશ્રદ્ધા અને રૂઢિપરસ્તી તેમની બેજવાબદાર અને બેપરવા વર્તન જેવા દૂષણોના અનેક કિસ્સા તે ટાંકે છે. ઉત્તર પ્રદેશના અભણ પ્રધાન, 'કિસ્સા કુર્સિ કા' ફિલ્મના પ્રોડ્યૂસરના દીકરાનું મોત, સુકર નારાયણ બખિયાની મુક્તિ, એન. ટી. રામારાવની સરકારની ગવર્નર રામલાલ દ્વારા બરતરફી જેવા કિસ્સા વિશેષ ઉલ્લેખનીય લાગે છે.

આજીવન શિક્ષક રહેલા વૈદ્ય સાહેબ શિક્ષણની વાત ન કરે તો જ નવાઈ કહેવાય. પુસ્તકના ચોથા જ પત્રમાં તેઓ લખે છે કે "કૉલેજે કૉલેજે કાજી વોરાનાં થિએટરો" છે, જેમાં "આધુનિક પ્રૉફેસરના રૂપમાં કાજી વોરો" આવે, લેક્ચર આપે. વ્હિસલોય વાગે ને તબલાં પણ સંભળાય. લેખકની દૃષ્ટિએ વિકૃત થતાં જતાં પરીક્ષા-સંકટો સામાજિક પરિસ્થિતિનો નિર્દેશ કરે છે. શૈક્ષણિક કેમ્પસોમાં આપઘાતના કિસ્સા વારંવાર બને છે. ગ્રીષ્મ વર્ગો પર્યટનો જેવા બની ગયા છે. નિમણૂકો, બદલીઓ અને પદવીઓના સ્તરે વ્યાપેલા રાજકારણ અને ભ્રષ્ટાચારમાં પોતે જોયેલી અનેક ઘટનાઓ લેખક નોંધે છે. ક્યારેક વિદ્યાર્થીઓની ક્ષમતાનો નિર્દેશ કરે છે.

પ્ર.ચૂ. વૈદ્યે "ગણિત શિક્ષકની ઘડતરકથા" તરીકે 'ચૉક અને ડસ્ટર' નામનું સરસ પુસ્તક પણ લખ્યું છે. પણ તે પુસ્તકની સરખામણીમાં અહીં શિક્ષણક્ષેત્રની પરિસ્થિતિ વિશે તે કડક ટીકા, ઊંડા ખેદ કે વેધક વ્યંજના સાથે વાત કરે છે. થોડાંક અવતરણો ટાંકવા જેવાં છે :

– "હા, અમદાવાદમાં એકલા મિલ-માલિકો કે ઉદ્યોગપતિઓ જ છે એવું નથી. અહીં 'શાળા-માલિકો' અને 'શિક્ષણપતિઓ' પણ છે અને આ બન્ને જૂથ ધન છુપાવવામાં અને ઓછો ટેક્સ ભરવામાં સરખાં નિષ્ણાત છે." (પૃ. ૭૧)

– "પાંચ વાઈસ-ચેન્સેલરો મળે તો વાઈસ-ચેન્સલર જેવા લાગે. પણ પચાસ કુલપતિઓ મળે કે પચાસ રામાઓ મળે બન્ને જૂથનું વર્તન આંકડાશાસ્ત્ર પ્રમાણે લગભગ સરખું જ જોવા મળે. (વાઈસ ચેન્સેલરોની) ત્રણ દિવસની સભાને અંતે મેં એક નિર્ણય કર્યો : ફરી આ સભામાં જવાનો મોહ ન રાખવો. નવું ગામ જોવું હોય કે થોડા દિવસ સરકારી ખર્ચે વેકેશન ભોગવવું હોય તો આ વા.ચે.ની મીટિંગ કામની ખરી !" (પૃ. ૧૨૯)

યાદ કરીએ કે વૈદ્યસાહેબે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદેથી બે વર્ષના કાર્યકાળ બાદ ૧૯૮૦માં રાજીનામું આપ્યું હતું. આ જ વર્ષના ૧૬ નવેમ્બરના પત્રમાં તેઓ લખે છે : "વાઈસ ચેન્સેલરપણું કરવાની એક અસર એ હતી કે એકાદ વર્ષમાં તો સર્જનાત્મક વિચાર કરવાની મારી શક્તિ કુંઠિત થવા લાગી હતી.....હવે માયા વીંટાઈ ગઈ છે એટલે આ કાગળ ઝપાટાબંધ લખાઈ ગયો છે." (પૃ. ૧૩૪)

વૈદ્યસાહેબ જેવા વિરલ વિદ્વાન અને ઉત્તમ વ્યવસ્થાપકના રાજીનામા પાછળનાં કારણો અસ્વસ્થ કરનારાં છે, પણ તેની વિગતે વાત અહીં અસ્થાને છે. જો કે વૈદ્યસાહેબ હતાશ નથી. તેઓ ઉત્સાહ સાથે પ્રવૃત્ત છે. તાજેતરમાં ગૂજરાત વિદ્યાપીઠના પ્રશ્નના ઉકેલમાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી. 'કુમાર'માં 'પસ્તીનાં પાનાં' વિભાગ માટેનું લેખન ચાલુ જ છે. 'સુગણિતમ્'માં નિયમિત સહયોગ આપે છે. 'સુગણિતમ્' સંપૂર્ણપણે ગણિતને વરેલું ભારતીય ભાષામાં ચાલતું કદાચ એકમાત્ર દ્વિમાસિક છે. તે વૈદ્યસાહેબે શરુ કરેલું અને ૩૭ વર્ષથી નિયમિત બહાર પડે છે. વૈદ્ય સાહેબનું ગણિત સંશોધન પણ સતત ચાલતું રહે છે. સંશોધન કરવાની પ્રવૃત્તિ માટેનું તેમનું વેદવાક્ય છે : 'લાગે છે કે જવાશે, જવાશે ભાઈ જવાશે, લાગે છે કે જવાશે' (પૃ. ૧૬૯). મજાની વાત તો એ કે આ સૂત્ર તેમણે 'ચુગ્ગુ' નામની બાળવાર્તામાં વાંચ્યું છે. વાર્તામાંનું રેલવે એન્જિન આ શબ્દો બોલતાં બોલતાં ઢાળ ચઢી જાય છે.

કારકિર્દીમાં ચઢાવ-ઉતાર આવ્યાં કરે તેમાં સહારો બને છે અમેરિકન કવયિત્રી સરાહ વિલિયમની પંક્તિઓ : "વી હેવ લવ્ડ્ ધ્ સ્ટાર્સ ટૂ ફૉન્ડલી ટુ બી ફીઅરફુલ ઑફ ધ્ નાઈટ." આ પંક્તિઓ ટાંકીને લેખક નોંધે છે : "તારાઓ સાથે આટલી બધી મહોબ્બત થાય પછી કાળી ડિબાંગ રાત્રિના અંધકારના ડર ક્યાંથી રહે ?" જરાક ઊંડાણથી વિચાર કરીએ તો આ કવયત્રિએ આપણાં જેવા બધાંને શીખ આપી છે. સંશોધન અધ્યયન સાથે મહોબ્બત લાગી હોય પછી નાનાં મોટાં આવરણો કે મુશ્કેલી આવે તો





તેનો ડર શેનો હોય ? તારાઓ સાથે લગન લગાડવી અને પછી અંધારી રાત્રિથી ડરવું તે બેનો મેળ ખાય જ નહીં." (પૃ. ૧૩૧-૩૨) 'બાવળ, લીમડો અને શિરીષ' શીર્ષક હેઠળનાં પત્રમાં તેઓ લખે છે : "ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગની આસપાસ પણ બે-ત્રણ શિરીષનાં વૃક્ષો છે. કોલ્હાપુર યુનિવર્સિટીમાં શિરીષનાં ઝાડ પાસે જ બાવળનાં કાંટાવાળાં ઝાડ જોયાં !... યુનિવર્સિટીઓમાં ક્યાંક કાંટા છે તો ક્યાંક કડવાશ છે, પણ વચ્ચે વચ્ચે શિરીષની ફોરમ પણ છે ત્યાં સુધી હજુ આશા છે." (પૃ. ૧૬૦). લાગણીની સાચકલાઈ અને અભિવ્યક્તિની નજાકત મનોહારી છે : "જો કે વસંતના આગમનની અન્ય એંધાણીઓ તો દેખાવા લાગી છે. બગીચાના મોગરાને ફૂલ આવવા લાગ્યાં છે અને મુન્નીબેન રોજ મોગરાનાં ફૂલ માથામાં ભરાવીને શાળાએ જાય છે. દરવાજા પર જૂઈ અને મધુમાલતીનો માંડવો ફૂલોથી ઊભરાઈ ગયો છે અને સાંજના તેની નજીક ઊભા રહીએ તો સુગન્ધ સુગન્ધ પ્રસરી રહે છે. બસ, એક કોયલની જ રાહ છે." (પૃ. ૧૮૪) મોતીનો ચારો ચણતા મોરને તાલે વૈદ્ય સાહેબને સૂઝે છે તેમના દિલ્હીના બંગલામાં ખાંડનો ચારો ચણતી ચકલીઓ. પતિયાળાના રમતગમત તાલીમ કેન્દ્રમાં મળેલી ગુજરાતી લિપ્તા જેવી છોકરીમાં એમને 'કુમુદ કે સ્મિતા, દીના કે ડૉલી મળી જ જાય છે."

જો કે આવા લાગણીભર્યા સ્પર્શોની સામે કટાક્ષ અને વ્યંગ પણ છે. તેના અનેક લક્ષ્યોમાંનું એક એટલે "જનશિક્ષણનાં અમોઘ શસ્ત્ર દૈનિક છાપાં". લેખક એકંદરે છાપાં, તેમના અગ્રતાક્રમો, તેમના અધકચરાપણા વગેરેની સામે મર્માળુ હસે છે. રાજકારણ પણ હાથવગું નિશાન છે. રાજકારણીઓની વાત કરતાં એક પત્રનું શીર્ષક છે. 'પશુમાં પડી એક તકરાર'. બીજા એક પત્રમાં એવા મંત્રીનો નિર્દેશ છે કે જેણે ઊંધી પકડેલી ફાઈલ તેની નિરક્ષરતા છતી કરે છે. વિજ્ઞાન પરિષદ અને ખેરાળુના બાપુની સહોપસ્થિતિ વેધક છે. વૈજ્ઞાનિક અભિગમનો અભાવ અને તેની આવશ્યકતા પુસ્તકમાં અનેક જગ્યાએ વાંચવા મળતો વિષય છે.

લેખક સ્પષ્ટવક્તા છે. તેમનામાં બૌદ્ધિક આડંબર નથી. બૌદ્ધિક પ્રામાણિકતા અને વ્યક્તિત્ત્વની પારદર્શકતામાંથી આવતા આ ગુણો બૌદ્ધિકો (ઈન્ટેલેક્ચુઅલ્સ)માં ઘણું કરીને જોવા મળતા નથી. રાજકારણ, સામાજિક અસમાનતા, ભ્રષ્ટાચાર, અવૈજ્ઞાનિકતા વગેરે વિશે તેઓ સંદિગ્ધ કે સાવચેતીભર્યા વિધાનો કરતા નથી, રોકડી વાત કરે છે. તેમના ગમા-અણગમા, મંતવ્યો-માન્યતાઓ બૌદ્ધિકતાના આવરણમાં છૂપાવતા નથી.

સંગીતકાર જયકિશન કે મંત્રી લલીતનારાયણ મિશ્રાનું મૃત્યુ ઘણાં લોકોની જેમ તેમને પણ આઘાત નથી આપતું અને તેનાં કારણો તેઓ અછતાં રાખતા નથી. ઔરંગઝેબ તેના ભાઈનો ખૂની હતો કે મૅંગલોરમાં ખ્રિસ્તી ધર્મ પાળનારા સત્તાધારીઓ અસહિષ્ણુ હતા એમ કહેવામાં તેઓ બીજા બુદ્ધિવાદીઓ જેવો ખચકાટ નથી અનુભવતા. રેડક્રૉસ સંસ્થા કે 'ટાઈમ' અને 'ન્યુઝવીક' સામયિકોની તે માર્મિક ટીકા કરી શકે છે. 'તુલસીરામાયણ' જેવી સાહિત્ય કૃતિ જગતમાં ગણીગાંઠી જ છે એવું તે વિશ્વાસથી કહી શકે છે. ગુરુ-શિષ્ય સંકલ્પના વિશેના તેમના વિચારો વાંચવા જેવા છે :

"મને આ ગુરુ-શિષ્ય પરંપરામાં શ્રદ્ધા નથી. ગુરુ વિના જ્ઞાન પ્રાપ્ત થાય જ નહીં અને જ્યારે જ્યારે તકલીફ પડે ત્યારે ઝટ પહોંચી જવા એક ગુરુ રાખવો એ કાંઈ મને યોગ્ય લાગતું નથી. મારો ગુરુ હું પોતે, મારે વળી બીજા ગુરુની શી જરૂર ? અને જો હું પોતે સ્વપ્રયત્ને જ્ઞાન પ્રાપ્ત કરી શકીશ એટલી શ્રદ્ધા ધરાવતો ન હોઉં તો ગમે તેવો ગુરુ મને શી મદદ કરી શકવાનો છે, અને જો હું તેવી આત્મશ્રદ્ધા ધરાવતો હોઉં તો પછી મારે ગુરુની જરૂરત શી રહી ?" (પૃ. ૨૦)

વૈદ્ય સાહેબ અમદાવાદ, ગુજરાત અને ભારતને ચાહે છે, અને આ ચાહના તે નિસંકોચે વ્યક્ત કરે છે. અમદાવાદ શહેર અને તેમાં જીવાતા રોજબરોજના જીવનમાં તેમને ઊંડી દિલચસ્પી છે. તે વૅલેન્ટાઈન અને રણછોડલાલ રેંટિયાવાળા, ઉમાશંકર અને ઈન્દુલાલ વિશે લખે છે. સફરજન કરતાં મોંઘાં વેચાતાં રિંગણ અને બંધ પડતા જતા સિનેમાગૃહો વિશે લખે છે. ગુજરાતમાં દુકાનોનાં પાટિયાં ગુજરાતીમાં લખાયેલાં હોય તે વાત તેમને મન સાક્ષરતાની સૂચક છે. હરિહર ભટ્ટને કારણે ગુજરાતનો અદનો આદમી પંચાંગની બાબતમાં નિશ્ચિંત બની શક્યો એ વાતની તે નોંધ લે છે. પૌરુષભર્યા વ્યવસાયમાં પડતી ગુજરાતી મહિલાઓ, પતિયાળાના રાષ્ટ્રીય સ્તરના રમતગમત તાલીમ કેન્દ્રમાંની ગુજરાતી કન્યાઓ, ગુજરાતી કવિતાઓના અંગ્રેજી અનુવાદોથી તે હરખાય છે. 'લોકભારતી'ની માહિતી આપીને પછી તે લખે છે : "છે ને અમેરિકન પદ્ધતિની યુનિવર્સિટી પૂરા ભારતીય સ્વાંગમાં !"

ભારતીય હોવાનું તેમને ખૂબ ગૌરવ છે અને અંગ્રેજપરસ્તી પ્રત્યે ભારોભાર અણગમો છે. આ દેશમાં જોવા મળતું પ્રકૃતિનું, રહેણીકરણીનું, માણસોનું વૈવિધ્ય, વિભૂતીઓની વિપુલતા તેમના મનમાં આશ્ચર્ય અને આદર પ્રેરે છે. વિજ્ઞાનનો ભારતીય સંદર્ભ તેમની દૃષ્ટિએ મહત્ત્વનો છે. દેશ પોતાની જરૂરિયાત મુજબ વિજ્ઞાન અને ટેકનોલૉજી વિકસાવે તે નીતિના તેઓ પ્રખર





હિમાયતી છે. ગાંધીવિચારથી પ્રભાવિત અહિંસક વ્યાયામ સંઘના એક સમયના સ્વયંસેવક વૈદ્ય સાહેબ 'ઉછીની ટેકનોલૉજી', 'ફોરેન કૉલેબોરેશન', શિક્ષણમાં અંગ્રેજીનું વધુ પડતું મહત્ત્વ જેવી બાબતોની અનેક વાર ટીકા કરે છે. માનસિક રીતે હજુ પણ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત ન થનારા 'મૅકોલેના વંશજો'ની તો તે ઝાટકણી જ કાઢે છે. મેરઠનું મીરત, કેરળનું કેરાલા, રામ-રવીન્દ્રના રામા-રવીન્દ્રા જેવા શબ્દો તેમને કઠે છે. અને જાણે તેનો જવાબ આપતા હોય તેમ તેઓ અંગ્રેજી શબ્દોનું ગુજરાતીકરણ કરે છે - વાઈસ ચેન્સલરપણું, સુપરવાઈઝરું, ચિફમિનિસ્ટરાં !

ભાસ્કસચાર્યના ગણિત ગ્રંથ 'લીલાવતી'ના મંગલાચરણમાં પુસ્તકની શૈલી વિશે કહેવાયું છે : "પ્રસ્ફુટમ્ સંક્ષિપ્તાક્ષર કોમલામલપદૈર્લાલિત્ય લીલાવતીમ્". ગણિતજ્ઞ વૈદ્ય સાહેબના ગણિતેતર પુસ્તકની શૈલીમાં પણ આ સૌંદર્ય છે.

બર્ટ્રાન્ડ રસેલે એક જગ્યાએ ગણિત તેમજ કાવ્યમાંથી મળતા આનંદની વાત કરી છે : 'દ્ ટ્રુ સ્પિરિટ ઑફ ડિલાઈટ, દ્ એક્ઝાલ્ટેશન, દ્ સેન્સ ઑફ બિઈંગ મોઅર દેન હ્યુમન, ઈઝ દ્ ટચસ્ટોન ઑફ દ્ હાઈએસ્ટ એક્સલન્સ ટુ બી ફાઉન્ડ ઇન મૅથેમૅટિક્સ એઝ શુઅરલી એઝ ઈન પોએટ્રી."
અહીં તેમને ઉચ્ચ આનંદમાંથી પ્રકટતા ચૈતન્યને અને એ આનંદને કારણે અદકેરા માનવી હોવાની લાગણીને કાવ્ય અને ગણિત બંનેની ઉત્તમતાનો નિકષ ગણાવ્યો છે. ગણિતના ક્ષેત્રમાં તો તે આ નિકષના સંદર્ભો ઉત્તમ સાબિત થયા છે એવું તેમને મળેલી આંતરરાષ્ટ્રીય કીર્તિ દ્વારા જાણી શકાય છે. વૈદ્ય સાહેબનું પુસ્તક પણ આ નિકષ સંદર્ભે ઉત્તમ છે એમ કહી શકાય.

જ્ઞાનની સતત સાધનાની સાથે વૈદ્ય સાહેબમાંનો ચૈતન્યપૂર્ણ, જિજ્ઞાસુ અને સંવેદનશીલ માણસ સરસ રીતે જીવતો રહ્યો છે. એક અધ્યાપક તરીકે 'પસ્તીનાં પાનાં' વાંચતા એમ થાય છે કે આ પુસ્તકમાંથી પ્રકટતા અધ્યાપકને જોઈને એમ થાય છે કે મોટાં ભાગનાં અધ્યાપકો માત્ર હોય છે - દે જસ્ટ એગ્ઝિસ્ટ.

– સંજય શ્રીપાદ ભાવે

પસ્તીનાં પાનાં : પ્ર. ચુ. વૈદ્ય, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય. ૧૯૯૯, પૃ. ૮ + ૨૨૦, રૂ. ૮૫.

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૮ માર્ચ, ૨૦૦૮